**Bhakta Kavi Narsinh Mehta University**
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya,
Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com

પરીપત્ર

વિષય : યુ.જી. તેમજ પી.જી. વિદ્યાશાખાઓમાં એનરોલમેન્ટ ક્વેરી સોલ્વ કરવા બાબત.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તેમજ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ સંસ્થાના વડાશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં યુ.જી./પી.જી. સેમ.-૧ માં એનરોલ થયેલ વિદ્યાર્થીઓની એનરોલમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશન ફોર્મની ઓનલાઇન ક્વેરી જનરેટ કરવામાં આવેલ છે, જેથી દરેક કોલેજે તેમના લોગીનમાંથી કવેરી લિસ્ટ ડાઉનલોડ કરી, લિસ્ટમાં દર્શાવેલ ક્વેરી માટે જરૂરી ડોક્યુમેન્ટ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ ખાતે તારીખ ૧૮-૧૨-૨૦૨૧ સુધીમાં (૧)કોલેજનાં લેટરપેડ, (૨)ઓનલાઇન જનરેટ થયેલ કવેરી લિસ્ટ તેમજ (૩) ક્વેરી સોલ્વ માટે જરૂરી ડોક્યુમેન્ટ સાથે રજુ કરવાના રહેશે.**[ઓનલાઇન જનરેટ થયેલ ચેકલીસ્ટ જોડવું ફરજીયાત છે તેમજ તેમાં દર્શાવેલ ક્રમ મુજબ જ ડોક્યુમેન્ટ જોડવાના રહેશે.]** જો કોઇ વિદ્યાર્થીની ક્વેરી સોલ્વ કરાવવાની બાકી રહેશે તેમજ ક્વેરીને લીધે જો કોઇ વિદ્યાર્થી પરીક્ષા ફોર્મ ભરવાથી વંચિત રહેશે અથવા દંડાત્મક ફી લાગુ પડશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે કોલેજની રહેશે. ક્વેરી સોલ્વ કરાવ્યા બાદ જ એનરોલમેન્ટ નંબર જનરેટ કરવામાં આવશે જેની સર્વે સંબંધીતોએ નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે, જે કોલેજની ઓનલાઇન કવેરી સોલ્વ કરવામાં આવેલ છે તેવી તમામ કોલેજોએ યુ.જી. તેમજ પી.જી. સેમ.-૧ ના પરીક્ષા ફોર્મ વિદ્યાર્થી પાસેથી ભરાવીને પોતાની પાસે રાખવાના રહેશે. ટુંક સમયમાં અત્રેની યુનિવર્સિટી દ્વારા પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી માટેની તારીખ જાહેર કરવામાં આવશે, ત્યાર બાદ પરીક્ષા ફોર્મની એન્ટ્રી કરવાની રહેશે.

એનરોલમેન્ટ કવેરી હેલ્પ લાઇન નંબર – (૦૨૮૫) ૨૬૮૧૪૨૮.

**ઓનલાઇન જનરેટ થયેલ કવેરી લિસ્ટ ડાઉનલોડ કરવા માટેના સ્ટેપ :**

**Report - Enrollment Reports Module - Enrollment Applicant Checklist.**

પરીક્ષા નિયામક

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૨૦૫૦/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૧૧/૧૨/૨૦૨૧

પ્રતિ,
યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નતક કેન્દ્રના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તેમજ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ સંસ્થાના વડાશ્રીઓ તરફ...

નકલ સવિનય રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)